BSNLEU CHQ Letter No. BSNLEU/102(CIRCULAR NO. 20) Dated 20.11.2009

# WAGE SETTLEMENT તરફ આગેકુચ :

સતત સંઘર્ષ અને અનેક સબળ અને સચોટ રજૂઆતોના પગલે અંતે BSNL ના 2.5 લાખ કર્મચારીઓના Wage settlement ની પ્રક્રિયનો આરંભ થયો છે.

શરૂઆત થી જ BSNL MANAGEMENT તરફથી કામદારોની અનેક વ્યાજબી માંગણીઓ પ્રત્યે ખૂબજ નબળો પ્રતિસાદ અને વલણ જોવા મળ્યું. BSNLWA (FNTO+NFTE ગઠબંધન) ના ચોથા મેમ્બરશીપ વેરીફીકેશન માં થયેલા કારમા પરાજય બાદ BSNLWA તરફથી એવા પ્રયત્નો કરવામાં આવ્યા કે Wage Revision ની પ્રક્રિયા ખોરંભે પડે. કામદારો માં અસંતોષ ફેલાય જેનો લાભ તેઓ 2011 માં થનાર પાંચમાં મેમ્બરશીપ વેરીફીકેશન માં ઉઠાવી શકે.

Management ના હાથા બનીને BSNLWA (FNTO+NFTE ગઠબંધન) તરફથી કામદારો ની ઉશ્કેરણી કરવામાં આવી. તેમણે Management ને જણાવ્યું કે કામદારો Executive ને આપવામાં આવેલ Formula પ્રમાણે નવા પગારધોરણો સ્વીકારવા તૈયાર છે. BSNLWA એ એવું જણાવ્યું કે કામદારો IInd Pay Review Committee ની ભલામણો પ્રમાણે નવા વેતનમાન સ્વીકારવા તૈયાર છે પરંતુ BSNLWA ના મિત્રો એ હકીકત પણ ભૂલી ગયા કે IInd Pay Review Committee તરફથી Non-Executive કર્મચારીઓના વેતનમાન સહિતની કોઈપણ બાબત અંગે કોઈપણ ભલામણો કરવામાં આવી નથી. BSNLWA તરફથી કામદારોના Forms ભરવવાની શરૂઆત કરાવવામાં આવી. FNTO ના મિત્રોએ તો ત્યાં સુધી પણ જણાવ્યું કે તેમણે આપેલા Form Management ને પહોચાડયા બાદ એક જ મહિનામાં નવા Pay Scales મળી જશે. શાણા અને સમજુ કામદારો એ BSNLWA ના આ ખોટા પ્રચારને નકારી કાઢયો. માત્ર 1-2% કામદારો એ જ Form ભર્યા. તેમનો દુ:પ્રચાર ખોટો પાડયો. કામદારોએ તેમને નકારી કાઢયા.

Management ના સંપૂર્ણ નકારાત્મક વલણના કારણેજ United Forum ને 19-20 May, 2009 ની હડતાળ નું એલાન આપવાની ફરજ પડી. આપ સૌ જાણો છો તે પ્રમાણે આ એલાન પાછળની મુખ્ય માગણી વહેલી તકે Wage Revision કરવા અંગેની હતી. Management પાસે ચર્ચા–વિચારણા કરવા માટે પૂરતો સમય હોવા છતાં Management તરફથી છેલ્લી ઘડી સુધી કોઈપણ જાતનો પ્રતિભાવ ન આપવામાં આવ્યો. તા. 18.05.2009 ના રોજ માન્યતા પ્રાપ્ત યુનિયન સાથે વાટાઘાટો હાથ ધરવા પહેલાં Management તરફથી BSNLWA (FNTO+NFTE) સાથે Meeting કરવામાં આવી. જે સંપૂર્ણ પણે અયોગ્ય અને ગેરબંધારણીય પગલું હતું. BSNLWA તરફથી Management સાથે ની આ બિન ઉપયોગી અને નિરર્થક Meeting ની વાતો દ્વારા કામદારોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા. તેમણે એવું જણાવ્યું કે Management તરફથી કામદારોને ચાર માસનો પગાર Interim Relief / Advance મંજૂર કરવામાં આવેલ છે.

તા. 18.05.2009 ની Meeting માં લંબાણપૂર્વકની ચર્ચાઓના અંતે આપણને નવા Rates પ્રમાણે HRA અને છ માસનો પગાર Interim Relief / Advance તરીકે મેળવવામાં સફળતા મળી. નવા HRA Rates ની Effect પાછલી તારીખ થી એટલે કે February '09 થી મેળવવામાં આપણને સફળતા મળી. આપણે છ માસનો પગાર Interim Relief / Advance તરીકે મેળવ્યો. આપ સૌ એ પણ જાણો છો કે Management તરફથી ચાર પગારની ઓફર કરવામાં આવી હતી. A1 City સિવાયના વિસ્તારોમાં ફરજ બજાવતા ભારતભરના

હજારો કામદારો ને નવા HRA Rates નો પાછલી તારીખથી (February'09) થી લાભ અપાવ્યો. Wage Revision નું Settlement થયા પહેલા જ કર્મચારીઓને નવા HRA Rates નો લાભ મળ્યો.
Non-executive કર્મચારીઓ ને રૂા. 40000 થી 60000 Interim Relief / Advance ના રૂપમાં મળ્યા. જે Executives ને મળેલ 40% Arrears ના પ્રમાણમાં વધુ છે. આ બધી સફળતા ઓ અને નવી ચર્ચા વિચારણાની શરૂઆત ને ધ્યાનમાં રાખી તા. 19-20 May-2009 ની હડતાળ મુલતવી રાખવામાં આવી.

Management ના જીદ્દી અને જડ વલણના કારણે BSNLEU ને તા. 19-20-Aug-2009 ની હડતાળ નું એલાન આપવાની ફરજ પડી. આ હડતાળમાં બે લાખ કર્મચારીઓ એ ભાગ લીધો. હડતાળ થયા બાદ Management તરફથી વધુ જડ વલણ અપનાવવામાં આવ્યું. માન્યતા પ્રાપ્ત યુનિયન BSNLEU ને Meeting આપવામાં ન આવી. NFTE અને FNTO એ Management પર Wage Settlement શક્ય એટલું મોડું કરવા માટે દબાણ કરવામાં આવ્યું જેથી તેઓ કામદારોને ગેરમાર્ગે દોરીને તેનો ફાયદો ઉઠાવી શકે.

**<u>તા. 17.11.2009 ની Meeting</u>**: તા. 17.11.2009 ના રોજ Wage Negotiation Committee ની Meeting યોજાઈ. લંબાણ પૂર્વકની ચર્ચા–વિચારણા ના અંતે નીચે જણાવેલ બાબતો અંગે સહમતિ થઈ.

- 30% Fitment On Pay + 68.8% IDA
- Executives અને Non-Executives નું Wage Revision એક સાથે કરવામાં આવશે.
- Executive અને Non-Executives ને એક સાથે 68.8% થી 78..2% IDA નો લાભ એક સાથે અપાશે.
- 3% Annual Increment

**<u>તા. 19.11.2009 ની Meeting</u>**: તા. 19.11.2009 ની Meeting માં Pay Scales ને ધ્યાનમાં લઈ નવા Pay Scales ની રચના કરવા અંગે ચર્ચા ઓ થઈ. નવા Pay Scales- Increment ના દર, Stagnation Increment વગેરે બાબતો અંગે ચર્ચાઓ થઈ. ચર્ચાઓ હજુ અનિર્ણિત છે. આવતા અઠવાડિયામાં ફરીથી Wage Negotiation Committee ની Meeting થશે જેમાં ચર્ચા કરી નિર્ણયો લેવાશે જેથી સત્વરે Agreement કરી શકાય.

**<u>NFTE+FNTO Meeting</u>**: NFTE+FNTO તરફથી એવો પ્રચાર કરવામાં આવ્યો કે Wage Revision અંગે Management તા. 16.11.2009 ના રોજ તેમની સાથે Meeting કરશે અને NFTE+FNTO Management સાથે Agreement પણ કરી લેશે. શું થયું તે આપ સૌ જાણતા હશો.? Management તરફથી NFTE+FNTO ના પ્રતિનિધીઓની રજૂઆતો સાંભળવામાં આવી પરંતુ કોઈપણ પ્રત્યુતર આપવામાં ન આવ્યો. Management તરફથી સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું કે Agreement ફક્ત માન્યતા પ્રાપ્ત યુનિયન BSNLEU સાથેજ કરવામાં આવશે. NFTE+FNTO ને અપાયેલ Meeting અંગે Management સમક્ષ BSNLEU તરફથી કરવામાં આવેલ સખત વિરોધ ના કારણે NFTE+FNTO ને તેમનો દુઃષ્પ્રચાર અટકાવવાની ફરજ પડી. કર્મચારીઓ ને ગેરમાર્ગે દોરી તેનો ગેરલાભ ઉઠાવવાની NFTE+FNTO ની ઈચ્છા અધૂરી રહી.

BSNLEU અને United Forum દ્વારા Management પર Wage Settlement કરવા માટે સતત ચર્ચા વિચારણાઓ ચાલુ છે. નજીકના દિવસોમાં Agreement કરી લેવાશે.

આપ સૌએ સમાચારપત્રો માં જોયું હશે કે UPA સરકાર દ્વારા નાણાંકીય ખાદ્યને પૂરી કરવા માટે નફો કરતા જાહેર સાહસાના એકમોનું Disinvestment કરવા તરફથી ઝડપથી તૈયારીઓ કરી રહેલ છે. BSNL નો પણ તેમાં સમાવેશ થાય છે. BSNL Board તરફથી IPO અંગે નિર્ણય લઈ તે અંગે ની ભલામણો DoT ને મોકલવામાં આવી છે. આ સંજોગોમાં આપણે IPO / Dis-investment નો સખત વિરોધ કરવો જરૂરી છે. આ અંગે Joint Forum ની Meeting માં નિર્ણય લેવાશે.

CITU દ્વારા તા. 25.11.2009 ના રોજ "ANTI-DISINVESTMENT DAY " ના રૂપમાં મનાવવાનું નકકી કરવામાં આવ્યું છે. આ અંગે દરેક Circle અને District Union ને Office / Exchange સમક્ષ ધરણાં પ્રદર્શન દેખાવો યોજવાની સુચના અપાઈ છે.

**<u>All India BSNL-DOT Pensioner's Association</u>**: સાથી કે.જી. જયરાજ, જનરલ સેક્રેટરી, AIBDPA દિલ્હી પહોંચીને કામ શરૂ કર્યું છે. Circle અને SSA Level પર AIBDPA ની રચના કરવા અંગે આપ સૌ સાથીઓ ને વિનંતી છે.

શુભેચ્છાઓ સહ..

આપનો,

**VAN Namboodiri**
General Secretary, BSNLEU, CHQ

**ગુજરાતી અનુવાદ :**
**મહેશ દવે.**
સર્કલ સેક્રેટરી,
બી.એસ.એને.એલ.ઈ.યુ.
ગુજરાત સર્કલ.